| | | |
|---|---|---|
| | सत्य मेव जयते | કેસ રજુ તારીખ :- ૦૪/૦૨/૨૦૨૬<br>કેસ દાખલ તારીખ :- ૦૪/૦૨/૨૦૨૬<br>કેસ ફેસલ તારીખ :- ૦૨/૦૬/૨૦૨૬<br>સમયગાળો :- **વર્ષ માસ દિવસ**<br>**૦૦ ૦૩ ૨૯** |

FORM – A

| | |
|---|---|
| **IN THE COURT OF ADDL. JUDICIAL MAGISTRATE, BARDOLI, SURAT.**<br>**Present: JAYESH LAXMANBHAI PARMAR**<br>Judgment Dt.: 02/06/2026<br>Criminal Case No: 328 of 2026<br>Bardoli Rural Police Station A Part F.I.R. No.11214070250715/2025<br>Sec. 281,125(A),125(B)& M.V.Act, 177,184,134 | |
| COMPLAINANT | શ્રી સરકાર<br>કેરૂલભાઈ કનૈયાલાલ હળપતિ. |
| REPRESENTED BY | વિ.એ.પી.પી.શ્રી આર ડી મન્સુરી |
| ACCUSED | વિજયભાઈ ઈશ્વરભાઈ ચૌધરી, ઉ.વ.૩૭,<br>રહે. સરભોણ ગામ ચૌધરી ફળીયુ, તા.બારડોલી, જિ.સુરત. |
| REPRESENTED BY | વિ.વ.શ્રી એસ.કે.ભાટીયા. |

FORM – B

| | |
|---|---|
| Date of Offence | 02/09/2025 |
| Date of FIR | 02/09/2025 |
| Date of Chargesheet | 04/02/2026 |
| Date of Framing of Charges/Plea | 04/02/2026 |
| Date of Commencement of evidence | 19/05/2026 |
| Date on which Judgment is reserved | -- |

Addl. Judicial Magistrate,Bardoli.

| | |
|---|---|
| Date of the Judgment | 02/06/2026 |
| Date of the Sentencing Order, if any | -- |

ACCUSED DETAILS

| **Rank of the Accused** | **Name of Accused** | **Date of Arrest** | **Date of Release on Bail** | **Offence charged with** | **Whether Acquitted or convicted** | **Sentence Imposed** | **Period of Detention Undergone during Trial for purpose of section 428 Cr.P.C.** |
|---|---|---|---|---|---|---|---|
| 1 | વિજયભાઈ ઈશ્વરભાઈ ચૌધરી, | ૧૦/૦૯/૨૦૨૫ | ૧૦/૦૯/૨૦૨૫ | બી.એન.એસ.૨૮૧,૧૨૫(એ),૧૨૫(બી) તથા એમ.વી.એક્ટ.૧૭૭,૧૮૪,૧૩૪. | | | -- |

**-૦- ચુ કા દો -૦-**

**(જયેશ લક્ષ્મણભાઇ પરમાર)**
**તા.૦૨/૦૬/૨૦૨૬**

(૧) ફરીયાદપક્ષે કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ઉપર જણાવેલ તારીખ અને જગ્યાએ આ કામના આરોપીએ ફરિયાદીની હોન્ડા યુનિકોર્ન રજિ. નં.GJ-19-BB-5993 ને પાછળથી ટક્કર મારી ફરિયાદીને ડાબા થાપે ફ્રેક્ચર કરી તેમજ ફરિયાદીની પત્નિ ધરતીબેનને માથાના ભાગે ગંભીર

ઈજાઓ તથા પગમાં ઈજા કરી તથા ફરિયાદીની દીકરી હર્ષીતાને માથામાં તથા બન્ને ઘુંટણમાં ઈજા તથા ફરિયાદીની ભાણી ભુમીકાને માંથામાં તથા બન્ને પગમાં ઈજા કરી ગુનો કરેલ છે. સદર કામે ફરીયાદ ફરીયાદીએ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.A ૧૧૨૧૪૦૭૦૨૫૦૭૧૫/૨૦૨૫ થી નોંધેલ અને સદરહું ગુન્હાની તપાસ, તપાસ કરનાર અમલદારને સોંપતા તપાસ કરનાર અમલદારે **બી.એન.એસ.એસની કલમ – ૧૮૦** હેઠળ જરૂરી સાહેદોના નિવેદનો નોંધી, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી, ઈજા અંગેના જરૂરી મેડીકલ સર્ટીફીકેટ વિગેરે મેળવી આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો જણાય આવતાં અત્રેની અદાલતમાં **બી.એન.એસની કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪** મુજબના ગુન્હા સબબનું **બી.એન.એસ.એસની કલમ – ૧૯૩(૧)** હેઠળ **આંક–૧ થી** ચાર્જશીટ દાખલ કરેલ.

**(૨)** ઉપરોક્ત હકીકતની, તપાસ કરનાર અમલદાર દ્વારા ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ થતાં આરોપી વિરૂદ્ધ કોગ્નીઝન્સ લઈ ચાર્જશીટ ફોજદારી રજીસ્ટરે લેવાનો હુકમ કરી આરોપી વિરૂદ્ધ **બી.એન.એસની કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪** મુજબના ગુના સબબના સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલો.

**(૩)** આરોપીઓને સમન્સની બજવણી થતાં આરોપી તેમના વિ.વ. શ્રી સાથે નામ. કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને **બી.એન.એસ.એસની કલમ – ૨૩૦** અન્વયે ફરીયાદપક્ષ આરોપી સામેના ગુનાનું તહોમત પુરવાર કરવા માટે જે દસ્તાવેજો ઉપર આધાર રાખતા હતા તે પોલીસ રીપોર્ટ, સાક્ષીઓના **બી.એન.એસ.એસની કલમ –૧૮૦** હેઠળ નોંધવામાં આવેલા નિવેદનો, તપાસ કરનાર અમલદારે તપાસ દરમ્યાન કરેલ પંચનામા વિગેરેની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલી.

**(૪)** ત્યારબાદ આ કોર્ટે આરોપીને ફરીયાદપક્ષના કેસની વિગતો સાથે **આંક–૦૩ થી બી.એન.એસની કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા**

**એમ.વી.એક્ટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪** મુજબના ગુના સબબનું આરોપી સામે પ્લી લેવામાં આવેલ છે ગુનાના આક્ષેપો **બી.એન.એસ.એસની કલમ – ૨૭૪** મુજબ વાંચી સંભળાવી, સમજાવતા, આરોપીએ તેની સામે ફરીયાદપક્ષે લગાવેલ સદરહું તમામ આક્ષેપોનો ઈન્કાર કરી, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા અંગે **આંક– ૦૩ સુધીના નિવેદન** આ અદાલત રૂબરૂ આપતા સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવી પુરાવો લેવાની જરૂરત ઉપસ્થિત થતા સદર કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ અને ફરીયાદપક્ષને **બી.એન.એસ.એસની કલમ – ૨૭૭** મુજબનો પુરાવો રજુ કરવા સુચના આપવામાં આવેલ.

(૫) સદરહું કેસમાં ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ પ્લી નોંધવામાં આવેલ છે અને પુરવાર કરવા માટે સાહેદ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ અને ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધનું ગુન્હો પુરવાર કરવા માટે નીચે મુજબનો **મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો** રજૂ કરેલ છે.

## FORM – C

## LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESS

**A. Prosecution**

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| ૧. | કેરૂલ કનૈયાલાલ હળપતિ | ફરિયાદી (આંક-૦૭) |
| ૨. | ધરતીબેન કેરૂલભાઈ હળપતિ | સાહેદ (આંક-૦૯) |
| ૩. | ભુમિકાબેન રાજુભાઈ રાઠોડ | સાહેદ (આંક-૧૦) |

**B. Defence Witnesses, if any:**

Addl. Judicial Magistrate,Bardoli.

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| ૧. | NIL | આરોપી (આંકઃ૦૦) |

C. Court Witness-

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| C.W.1 | NIL | NIL |
| C.W.2 | NIL | NIL |

## LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS

A. Prosecution:

| RANK | EXHIBIT NUMBER | DESCRIPTION |
|---|---|---|
| ૧. | ૦૮ | ફરીયાદ |
| ૨. | ૧૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩. | ૧૨ થી ૧૪ | સારવાર સર્ટીફિકેટ |

B. Court:

| Sr. No. | EXHIBIT NUMBER | DESCRIPTION |
|---|---|---|
| 1. | NIL | NIL |
| 2. | NIL | NIL |

C. Material Object Number:

| Sr. No. | M.O. NUMBER | DESCRIPTION |
|---|---|---|
| 1. | NIL | NIL |
| 2. | NIL | NIL |

(૬) ઉપર મુજબ ફરીયાદપક્ષે રજુ કરેલ તમામ પુરાવાના અંતે, ફરિયાદીએ આંક–૧૫ થી ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરતા,

ફરીયાદપક્ષ રજુ કરેલ તમામ પુરાવાના અંતે સદરહું તમામ પુરાવાનો અભ્યાસ કરી આરોપી રજુ થયેલ પુરાવાનો ખુલાસો કરી શકે તે હેતુથી **બી.એન.એસ.એસની કલમ – ૩૫૧** અન્વયે આરોપીઓ વિરૂદ્ધ પડેલ તમામ પુરાવા અંગે જવાબ/નિવેદન મેળવવા આ ન્યાયાલયે જાતે આરોપીને વાંચી, સંભળાવી, આરોપીના જવાબ/નિવેદન આ અદાલતે જાતે નોંધેલ છે, સદરહું જવાબ/નિવેદન મુજબ આરોપીએ ફરીયાદપક્ષના તમામ પુરાવાનો ઈન્કાર કરેલ છે. જેથી કોર્ટ દ્વારા આરોપીને તેઓના બચાવના સાહેદો તપાસવા અંગે પુછતાં આરોપીઓએ બચાવના સાહેદો તપાસવા નથી.

(૭) ત્યારબાદ સદરહું કેસ **બી.એન.એસ.એસની કલમ – ૩૫૨** મુજબ ફરીયાદપક્ષે એ.પી.પી. શ્રી મન્સૂરી તેમજ આરોપીઓના વિ.વ.શ્રી એસ.કે.ભાટીયાની મૌખિક દલીલો સાંભળેલ છે.

(૮) સદરહું દલીલો સાંભળતા આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે–

**–૦–મુદ્દા–૦–**

(૧) શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, ઉપર જણાવેલ તારીખ અને જગ્યાએ આ કામના આરોપીએ ફરિયાદીની હોન્ડા યુનિકોર્ન રજિ. નં.GJ–19–BB–5993 ને પાછળથી ટક્કર મારી ફરિયાદીને ડાબા થાપે ફ્રેક્ચર કરી તેમજ ફરિયાદીની પત્નિ ધરતીબેનને માથાના ભાગે ગંભીર ઈજાઓ તથા પગમાં ઈજા કરી તથા ફરિયાદીની દીકરી હર્ષીતાને માથામાં તથા બન્ને ઘુંટણમાં ઈજા તથા ફરિયાદીની ભાણી ભુમીકાને માંથામાં તથા બન્ને પગમાં ઈજા કરી ગુનો કરેલ છે. સદર કામે ફરીયાદ ફરીયાદીએ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.A ૧૧૨૧૪૦૭૦૨૫૦૭૧૫/૨૦૨૫ થી નોંધેલ અને **બી.એન.એસની કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪** મુજબના ગુન્હાનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૯) ઉપરોક્ત મુદ્ધા અંગેના મારા નિર્ણયો તથા તેના કારણો નીચે મુજબ છે. –

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**–૦– કા ર ણો –૦–**

**મુદ્ધા નં:૧ ની ચર્ચા –**

**(૧૦)** ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ **"પુરાવાનું મુલ્યાંકન"** શબ્દ પુરાવાનાં કાયદામાં વ્યાખ્યાબધ્ધરીતે કરવામાં આવેલ નથી તેમજ કાનૂન સમર્પિત કોઈ નિયમ પણ નથી. પુરાવાની મુલવણી કેવી રીતે કરવી તે દરેક કેસની હકીકત ઉપર આધારિત છે. પુરાવાની મુલવણી **ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ – ૨(જે) તથા ૨(સી) માં** કરવામાં આવેલ **"સાબિત"** અને **"ના સાબિત"** વ્યાખ્યા ઉપર આધારિત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને ફરીયાદપક્ષે પોતાની હકીકત **"શંકાથી પર"** રીતે સાબિત કરવાનો હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભાવના દર્શાવેલી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી. ફોજદારી કાર્યવાહીમાં "પુરાવાનો બોજો" ક્યારેય આરોપી ઉપર ખસેડી શકાય નહીં અને તેથી બચાવપક્ષે પોતાની નિર્દોષતા સાબિત કરવાની રહેતી નથી. હાલના કામે આરોપીઓ વિરૂદ્ધ **બી.એન.એસની કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪** મુજબનાં ગુનાનું તહોમત છે. સદર ગુનાના તહોમત સાબિત કરવા ફરીયાદપક્ષની **ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ – ૧૦૪ તથા ૧૦૬** મુજબનાં પુરાવા રજુ કરવાની જવાબદારી રહે છે. ફરીયાદપક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવાનું રહે છે અને નીચેની કલમોના તત્ત્વો ધ્યાને રાખેલ છે.

➢ **બી.એન.એસ.ની કલમઃ૨૮૧ઃ– જાહેર માર્ગ પર બેફામપણે હંકારવું કે સવારી કરવીઃ–**

કોઈપણ વ્યકિત, બહુજનસમુદાયની જિંદગી ભયમાં મૂકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાનિ થવા સંભવ હોય તેમ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક સરિયામ રસ્તા પર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છે માસ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બંન્ને સજા કરવામાં આવશે.

**તત્ત્વોઃ–**

(૧) જાહેર રસ્તા પર વાહન ચલાવવું અથવા સવારી કરવી.

(૨) બેફામપણે અથવા બેદરકારીપૂર્વક આવું વાહન ચલાવવું અથવા આવી સવારી કરવી,

(૩) કે, જે કારણે બહુજનસમુદાયની જિંદગી ભયમાં મુકાય થવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાનિ થવા સંભવ હોય.

➢ **બી.એન.એસ.ની કલમઃ૧૨૫(એ)– અન્યની જિંદગી અથવા શારીરિક સલામતી ભયમાં મૂકે તેવાં કૃત્યથી વ્યથા પહોંચાડવીઃ–**

કોઈપણ વ્યકિત, માનવજિંદગી કે અન્યની શારીરિક સલામતી ભયમાં મૂકાય તેમ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક કોઈ કૃત્ય કરીને કોઈ વ્યકિતને વ્યથા પહોંચાડે તેને છ માસ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા પાંચ હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંન્ને સજા કરવામાં આવશે.

**તત્ત્વોઃ–**

(૧) આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક કોઈ કૃત્ય કર્યું.

(૨) તેવા કૃત્યનાં કારણે માનવજિંદગી અથવા અન્યની શારીરિક સલામતી ભયમાં મૂકાઈ,

(૩) તેવા કૃત્યનાં કારણે કોઈ વ્યકિતને વ્યથા નિપજી.

- **બી.એન.એસ.ની કલમઃ૧૨૫(બી)– અન્યની જિંદગી અથવા શારીરિક સલામતી ભયમાં મૂકે તેવાં કૃત્યથી મહાવ્યથા પહોંચાડવીઃ–**

કોઈપણ વ્યકિત, માનવજિંદગી અથવા અન્યની શારીરિક સલામતી ભયમાં મૂકાય તેમ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક કોઈ કૃત્ય કરીને કોઈ વ્યકિતને મહાવ્યથા પહોંચાડે તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દસ હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંન્ને સજા કરવામાં આવશે.

<u>તત્ત્વોઃ–</u>

(૧) આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક કોઈ કૃત્ય કર્યું.

(૨) તેવા કૃત્યનાં કારણે માનવજિંદગી અથવા અન્યની શારીરિક સલામતી ભયમાં મૂકાઈ,

(૩) તેવા કૃત્યનાં કારણે કોઈ વ્યકિતને વ્યથા નિપજી.

**(૧૧)** પુરાવો તથા સાબિતી, આ બંને શબ્દો પ્રથમદર્શનીય એક સરખો અર્થ ધરાવતા હોઇ તેમ જણાય. પરંતુ વાસ્તવમાં પુરાવાનો બોજો કોઇ પક્ષકાર પર હોતો નથી પરંતુ સાબિતીનો બોજો પક્ષકારો ઉપર હોય છે. સાબિતી એટલે કે, પુરાવાની અસર એમ કહી શકાય તેમજ સાબિતી એટલે પુરવાર થવું તે એટલે કે, **"PROVED"** કોઇ હકીકત સાબિત થાય તેમાં મૌખિક કે દસ્તાવેજી પુરાવો હોય તેમજ કેટલાક અનુમાનોના કારણો કોઇ બાબતે કે હકીકત સાબિત થાય. કેટલીક હકીકતોની ન્યાયિક નોંધ લેવામાં આવે છે. પક્ષકારોની સ્વીકૃતિ કે કબુલાતોના કારણે કેટલીક હકીકતો સાબિત થાય છે તેમજ સાબિતીમાં વાસ્તવિક પુરાવો આવે તથા અદાલતે કરેલ સ્થળ

કે મિલકતનું નિરીક્ષણ કોઇ મિલકતની હકીકતની સાબિતીમાં મહત્વનો ભાગ ભજવે છે. આમ, સમગ્રપણે જોતાં સાબિતીમાં પુરાવા સિવાય પણ અમુક બાબત હોઈ શકે કે જે કારણે સાબિતી શબ્દ પુરાવા કરતાં વિશાળ અર્થ ધરાવે છે અને સાબિતી એટલે અદાલત કોઇ હકીકતનું અસ્તિત્વ કે બિનઅસ્તિત્વ **ભારતીય સાક્ષીય અધિનિયમની કલમ – ૨(જે) તથા ૨(સી) મુજબ માને છે.**

**(૧૨)** ફોજદારી કાર્યવાહી તથા દિવાની કાર્યવાહીમાં સાબિતીના બોજાની માત્રામાં તફાવત હોય છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપીએ જે ગુનો કર્યો છે તે હકીકત વ્યાજબી શંકાથી પર અને તેવી એક માત્ર સંભવિતતા એટલે કે, સંભવિતતાની અત્યંત ઉચી માત્ર તે શ્રેષ્ઠ સાબિતી ગણાય તથા ગુનો સાબિત કરવા માટે તે અપેક્ષા રાખવામાં આવે છે અને માત્ર સંભવિતતાના કારણે ગુનો પુરવાર કરવાનો બોજો ફોજદારી કાર્યવાહીમાં સામાપક્ષ ઉપર ખસતો નથી. જ્યારે દિવાની કાર્યવાહીમાં સંભવિતતના પ્રસ્થાપિત કરવામાં આવે ત્યારે સાબિતીનો બોજો સામાપક્ષ ઉપર જાય છે અને તેવી પ્રસ્થાપિત થયેલી સંભવિતતાનું ખંડન કરવામાં ન આવે તો તેના આધાર ઉપર નિર્ણય કરી શકાય છે. આમ, દિવાની કાર્યવાહીમાં "**PRE PONDERANCE OF PROBABILITY**" ના સિધ્ધાંત મુજબ સાબિતીનો બોજો રહેલ છે.

**ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ – ૧૦૪** જોવામાં આવે તો તેમાં સાબિતીનો બોજો કોના ઉપર છે તે અંગે જોગવાઇ કરવામાં આવેલ છે તે મુજબ **"કોઇ પણ (વ્યક્તિ) ઇચ્છતી હોય કે, પોતે પ્રતિપાદન કરે છે તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઇ અદાલત કોઇ કાનુની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે તેને તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવું પડે. જ્યારે કોઇ હકીકતોનું અસ્તિત્વ સાબિત કરવા એક વ્યક્તિ બંધાયેલી હોય ત્યારે એમ કહેવાય કે, તે વ્યક્તિ ઉપર સાબિતીનો બોજો છે"**. આમ, ફોજદારી કેસની કાર્યવાહીમાં પુરાવો અને સાબિતીનો બોજો

ફરીયાદપક્ષ પર રહેલો છે અને આરોપીએ સમગ્ર કાર્યવાહી દરમ્યાન મૌન રહેવાનું હોય છે.

(૧૩) આરોપી સામે **બી.એન.એસની કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનો નોંધવામાં આવેલ છે અને તેની પ્લી આપેલ છે, તેવા સમયે ફરીયાદપક્ષની ફરજ છે કે, ઉપર જણાવેલ તારીખ અને જગ્યાએ આ કામના આરોપીએ ફરિયાદીની હોન્ડા યુનિકોર્ન રજિ. નં.GJ–19–BB–5993 ને પાછળથી ટક્કર મારી ફરિયાદીને ડાબા થાપે ફ્રેક્ચર કરી તેમજ ફરિયાદીની પત્નિ ધરતીબેનને માથાના ભાગે ગંભીર ઈજાઓ તથા પગમાં ઈજા કરી તથા ફરિયાદીની દીકરી હર્ષીતાને માથામાં તથા બન્ને ઘુંટણમાં ઈજા તથા ફરિયાદીની ભાણી ભુમીકાને માંથામાં તથા બન્ને પગમાં ઈજા કરી ગુનો કરેલ છે. આ કામે ફરીયાદપક્ષ તરફથી ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલો છે. કાયદાકીય જોગવાઈ મુજબ સામાન્ય રીતે ગુનો પુરવાર કરવાનો બોજ ફરીયાદપક્ષ ઉપર હોય છે. ફરીયાદપક્ષે શંકા રહિત ગુનો સાબિત કરવાનો હોય છે. બચાવપક્ષે પોતાની નિર્દોષતા સાબિત કરવાની રહેતી નથી. પુરાવાનો બોજ ક્યારેય તહોમતદાર તરફ શીફ્ટ થતો નથી. આવા ક્રિમીનલ જ્યુરિસપ્રુડેન્સના સિધ્ધાંતને ધ્યાને રાખી આ કેસની ચર્ચા કરવાની રહે છે. આમ, ઉપર મુજબના સિધ્ધાંતોને ધ્યાને રાખી ચર્ચા કરવાની રહે છે.

**<u>ફરીયાદપક્ષનો પુરાવો અને તેનું મુલ્યાંકન–</u>**

(૧૪) આપણી ફોજદારી ન્યાય વિતરણ પદ્ધતિ મુજબ આરોપી સામે આક્ષેપાયેલા ગુનાઓ યોગ્ય પુરાવો રજુ કરીને નિઃશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની થાય છે. આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જ્યારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચું જ બોલતા હોય છે, સિવાય કે

તેનાથી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતુ નથી. ફોજદારી ન્યાય વિતરણ પદ્ધતિમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો આજુબાજુના પરિબળો, તે તમામે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. **નામ સર્વોચ્ચ અદાલતે ૨૦૦૨ સુપ્રિમ કોર્ટ કેસીસ ૨૪૭ (ક્રિમીનલ) સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરૂદ્ધ લેખરાજના** ચુકાદામાં ઠરાવ્યા મુજબ જ્યારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતી,તમામ પરિબળો તેમ જ ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું  મુલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમા વિરોધાભાષ, અતિરેકના કારણે ફરીયાદપક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે ક્યારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ ફરી ના બેસે.

It is also our experience that invariably the witness add embroidery to prosecution story perhaps for the fear of being disbelieved, but that is not the ground to show the case overboard, if true in main. If there is ring of truth in the main, the case should not be rejected.

નામ. સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે ફરીયાદપક્ષ દ્વારા રજુ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઈએ, માત્ર ટેકનીકલ કારણોસર આખોય પુરાવો ડીસકાર્ડ કરવો જોઈએ નહી. સાહેદે આપેલી જુબાની કઇ પરિસ્થિતીમાં આપેલ છે, કઇ પરિસ્થિતીમાં બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતી, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરિબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું  મુલ્યાંકન કરવું જોઈએ. જે માટે ફરીયાદપક્ષે આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો રેકર્ડ પરથી શંકાથી પર સાબિત કરવાના રહે છે.

ફરીયાદપક્ષે રજુ પુરાવાનુ મુલ્યાંકન કરતા પહેલા નામ. સર્વોચ્ચ અદાલતે **Jayanitlal Kuberdas Sharma Vs. State of Gujarat, 2007 (1) GLR 99** નો ચુકાદો ધ્યાને લેવા યોગ્ય જણાય છે**,** જેમાં નામ. સર્વોચ્ચ અદાલતે પેરા નં.૨૫માં ઠરાવેલ છે કે**,**

"25. While re-appreciating the evidence on record with reference to the contentions raised, the court is required to exercise due diligence though the standard of such exercise would be of an exercise by prudent person. The Court must bear in mind the set-up and the circumstances in which the crime is committed, the quality of evidence, nature and temperament of the witnesses, the level of understanding and power of perception and examination of individual witness and probability in ordinary course of nature about the act complained of as miglit have been witnessed by the witnesses. The endeavour must be to find out the truth from the evidence on record. At the same time, it must not be forgotten that there cannot be a prosecution case with a cast iron perfection in all respects and reason being that the perfection to that degree in ordinary course of human life is an Utopian thought. However, nevertheless, obligations lies upon the courts to analyze, sift and assess the evidence on record, with reference to trustworthiness and truthfulness of the prosecution case, by a process of dispassionate judicial scrutiny adopting an objective and reasonable appreciation of the evidence without being obsessed by an air of total suspicion about the case of the prosecution. What is to be insisted upon is simpliciter proof emanating from the circumstances of the case and a ring of truth. The contradictions, infirmities,it might have been pointed out in prosecution case must be assessed at the yardsticks of probabilities of the existence of a fact or not. Unless, infirmities and contradictions are of such nature as to undermine the substratum of the evidence and found to be tainted to the core of the prosecution case, over emphasis may not be applied to such contradictions and infirmities.To judge the credibility of the evidence of witness,one has to look to his evidence, and if any discrepancies found in the ocular account of the witnesses not affecting the root of the say of the witness, the witness may not be labelled as not credit worthy. At the same time, seeking rule of corroboration, mathematical niceties may not be expected. The account of the witnesses must be read as a whole and once the impression is formed that the account contains ring of truth, jettisoning whole of the evidence would amount to doing injustice to a reliable and honest witness. Even honest and truthful witnesses may differ in some details, which may not be related to the main cause of prosecution case, and their evidence therefore must be appreciated keeping in mind the power of observation, retention and reproduction of the same by the witness to be judged by human standard. The attending circumstances of the case on and the probabilities must be judged keeping in mind the human conduct and occurring of the evidents in ordinary course of nature."

ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતોને લક્ષમાં લઈ ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની નીચે મુજબ ચર્ચા તથા અવલોકન કરવામાં આવેલ છે–

**બનાવ બન્યો તે તારીખ, બનાવ સ્થળ અને સમય–**

**(૧૫)** આ કામે ફરીયાદપક્ષનો કેસ ધ્યાને લેતા, આ કામે ફરીયાદપક્ષ તરફથી રજુ પુરાવાઓનું સૌપ્રથમ ફરીયાદવાળો **બનાવ બન્યો તે તારીખ, બનાવ સ્થળ અને સમય બાબતે** વિશ્લેષણ તથા મુલ્યાંકન કરતા, ફરીયાદી તથા જે સાહેદ તપાસવામાં આવેલા છે તેઓ બનાવવાળુ સ્થળ અને સમય તથા તારીખ બાબતે વિશંગતાઓ જણાઈ આવે છે. જેથી હાલનો બનાવ ચોક્કસ કઈ તારીખે અને કયા સમયે બનેલો તે બાબતે એક શંકા ઉત્પન્ન થાય છે.

**બનાવ બનવાનું કારણ–**

**(૧૬)** હવે, ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાઓનું બનાવ બનવાના કારણ અંગે વિશ્લેષલ તથા મુલ્યાંકન કરતા, ફરીયાદી તથા સાહેદોની જુબાની ધ્યાને લેતા તા.૦૨/૦૯/૨૦૨૫ ના રોજ ફરિયાદી તથા સાહેદો તેમની હોન્ડા યુનિકોર્ન જી.જે–૧૯–ડીડી–૫૯૯૩ લઈને બારડોલી ગણપતિ જોવા જતા હતા ત્યારે એક સફેદ કલરની સ્વીફ્ટ કારે ટક્કર મારેલી અને અમો પડી જતા માથામાં અને શરીરે નાની મોટી ઈજાઓ થયેલી જેની સારવાર ફરિયાદી તથા સાહેદોએ સુરત સિવિલ હોસ્પિટલ ખાતે કરાવેલી જેની ફરિયાદ બારડોલી પો.સ્ટેમાં કરેલી. ફરિયાદ દાખલ કરેલ ત્યારે ફરિયાદી તથા સાહેદો આરોપીને જોયેલ નથી પોલીસે તેઓને પાછળથી આરોપીને બતાવેલા છે. તેમજ આ બનાવ કોનુ ભુલના કારણે અને કેવી રીતે બનેલ છે અને બનાવ સમયે ગાડીની ગતિ કેટલી હતી તથા હાલના આરોપીએ ગફલતભરી રીતે ગાડી હંકારેલી હોય કે પુર ઝડપે ચલાવેલ હોય તે બાબતનો કોઈપણ પુરાવો ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલા નથી તેવુ આ કોર્ટનુ સ્પષ્ટ માનવુ છે. તેમજ વધુમાં ફરીયાદ પક્ષે ફરીયાદ આપનાર ફરીયાદીએ

પણ પોતાની ઉલટતપાસમા જ સ્વીકારેલ છે કે બનાવ બનેલ તે સમયે વરસાદની સીઝન હોઈ અને રોડ ભીના હોઈ બ્રેક મારવાથી ગાડી સ્લીપ થાય છે અને અકસ્માત સમયે ફરિયાદી તથા સાહેદો બેભાન થઈ ગયેલા. જેથી બનાવ કેવી રીતે બન્યો તે તેઓ કહી શકતા નથી. તેમજ હાલનો બનાવ આરોપીની ભુલના કારણે બનેલ હોય તે બાબતની પણ કોઇ સ્પષ્ટતા કે કોઇ પુરાવો મળી આવેલ નથી. તેવા સંજોગોમાં હાલના આરોપીએ અકસ્માત કરીને ઈજાઓ કરેલ હોય તે હકીકત નિ:શંકપણે ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી તેવુ આ કોર્ટનુ માનવુ છે.

આમ, આ કામે રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં, આ કામે ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધ **બી.એન.એસની કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪** મુજબના ગુનો નિઃશંકપણે ઉપરોક્ત કરેલ ચર્ચા અનુસાર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય આરોપી વિરૂદ્ધ ગુનાનું તહોમત પુરવાર થતુ નથી. જેથી ઉપરોક્ત તમામ ચર્ચાના અંતે મુદ્દા નં.૧નો જવાબ **"નકાર"**માં ઠરાવી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

***-૦- હુ ક મ -૦-***

(૧) **આરોપી વિજયભાઈ ઈશ્વરભાઈ ચૌધરી, ઉ.વ.૩૭,** રહે. સરભોણ ગામ ચૌધરી ફળીયુ, તા.બારડોલી, જિ.સુરત. નાઓને **બી.એન.એસ.એસની કલમ- ૨૭૮** અન્વયે **બી.એન.એસની કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪** મુજબના ગુનાઓમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા **બી.એન.એસ.એસની કલમ- ૪૮૧** હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવેલ છે.

**હુકમ આજ તા.૦૨ જી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સાંભળાવી જાહેર કર્યો.**

| | | |
|---|---|---|
| **તારીખ :** ૦૨/૦૬/૨૦૨૬<br>**બારડોલી.** | | **જયેશ લક્ષ્મણભાઇ પરમાર**<br>જયુ.મેજિ.ફ.ક, બારડોલી.<br>U.I. CODE– GJ01441 |